## રે.દિ.કેસ નં.૧૧/૨૦૧૯ ના કામે આંક–૫ લગત હુકમ

૧) અરજી વંચાણે લીધી, રજુ થયેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા. પ્રતિવાદીએ રજુ કરેલ જવાબ વંચાણે લીધા બંને પક્ષના વિ.વ.શ્રીઓને સાંભળ્યા.

૨) સદર કામે વાદીએ કાયમી મનાઈ હુકમ મેળવવા માટેનો દાવો આ કામના પ્રતિવાદીઓ વિરુધ્ધ જામજોધપુર તાલુકાના વાલાસણ ગામે આવેલ વાદીની કબજા ભોગવટા અને માલિકીની રહેણાંક મકાનની જમીનમાં આ કામના પ્રતિવાદીઓએ વાદીના મકાનની દક્ષિણ તરફ આવેલા ઝાપાની બહાર જવાના પથ્થર, ઈંટો અને બીજી આડશ મુકી વાદીને આવવા જવાના રસ્તામાં અડચણ કરતા આવેલા હોય અને વાદીના પિતા હરીભાઈ લાખાભાઈના નામની આવેલી છે જેમાં અમો વાદી અને અમોના ભાઈઓ અલગ અલગ મકાન બનાવી વસવાટ કરીએ છીએ તેમજ અમો વાદીના ઉપરોકત જણાવેલ મકાનમાં આવવા જવા માટે દાવાવાળી જગ્યાની દક્ષિણ દીશા તરફ આવેલા ઝાપા બાજુની રસ્તાની જગયાનો ઉપયોગ કરવા અમો અધિકાર ધરાવીએ છીએ એટલે આ કામના પ્રતિવાદીઓને અમોને આ રસ્તે જતા આવતા રોકવાનો કોઈ અધિકાર નથી તેમજ દાવાવાળી જગયાની દક્ષિણ તરફની દીવાલ બાજુ પચ્ચિમ તરફના છેડેથી ગણતા પ્રથમ નાથા દેશાના મકાન આવેલ છે તયારબાદ વાદીની જગયાની દક્ષિણ દીવાલ બાજુએ જ પ્રતિવાદીઓના મકાન આવેલ છે અને તયારબાદ વાદીની જગયાની દક્ષિણ બાજુની દીવાલમાં આવેલ ઝાપા બાદ રાવડી જગયા આવેલી છે અને આ કામના પ્રતિવાદી નં.૧ અને ૨ના પતિ–પત્ની થાયછે અને તેઓએ લખમણ ભીખા મકવાણા પાસેથી વાલાસણ ગામે આવેલ રહેણાંક મકાન કુલ ૩૩–૪૫ ચો.મી સને ૨૦૧૯ માં વેચાણ લીધેલ છે તે વેચાણ દસ્તાવેજ વાળી જગયા સીવાયની જમીનમાં

કોઈ માલિકી અધિકાર  પ્રતિવાદીઓને રહેતો નથી તેમ છતાં પ્રતિવાદીઓ વાદીના ઝાપા પાસે પથ્થર, ઈંટો વિગેરે મુકી રાખેછે અને  પ્રતિવાદીઓએ હાલના રહેણાંક મકાનમાં તેઓની માલિકીની જગયાની પુર્વ બાજુએ તેઓની માલિકીની જગયા ઉપરાંત લગભગ સાત ફુટ આગળ સુધી બાંધકામ કરી દીધેલ છે જેથી પ્રતિવાદીઓના મકાનનું બાંધકામ અમો વાદીની જગયાના ઝાપા સુધી આવી ગયેલ છે અને વાદીના ઝાપાને બંધ કરાવી વધુ દબાણ કરવા માંગેછે જેથી તેઓને વાદીના ઝાપા પાસે અડચણ ન કરવાનું કહેવા છતાં અડચણ કરવાનું બંધ કરતા નથી અને અમો વાદીનો કેસ પ્રથમદર્શનીય છે. જેથી સી.પી.સી. ઓર્ડર ૩૯ રુલ ૧–૨ તથા કલમ ૧૫૧ મુજબ હાલની વચગાળાની અરજી કરેલ છે.

૩)   સદર કામે પ્રતિવાદીઓને સદર દાવાનો સમન્સ તથા અરજીની નોટીસ બજી જતા હાજર થતાં પ્રતિવાદીઓએ આંક–૧૪ થી  દાવા અરજી તથા મનાઈ અરજીનો સંયુકત જવાબ રજુ કરેલ છે. સદર કામે   પ્રતિવાદી પોતાના જવાબમાં મુખ્યત્વે એવી હકીકત જણાવે છે કે વાદીની દાવા અરજી તથા મનાઈ હુકમ અરજી ખરી ન હોવાનુ જણાવે છે. વધુમાં જણાવેલ છે કે વાદી અને અમો પ્રતિવાદીઓના રહેણાંકના મકાનો આજુબાજુ આવેલા છે અને વાદીએ તેમના મકાનથી પુર્વ બાજુ તેમની માલિકીની જગયાથી વધારે સાડા સાત ફુટ સરકારી જમીનમાં દબાણ કરી દીવાલ કરી દક્ષિણ બાજુ અમો પ્રતિવાદીઓની ડેલીની આગળના ભાગે ગેરકાયદેસર ઝાપો મુકેલ છે તથા વાદીના ભત્રીજા મનસુખભાઈ લાલજીભાઈ મકવાણાનું મકાન વાદીના મકાનથી ઉતર બાજુ આવેલ છે તેમણે પણ તેમના મકાનની પુર્વ બાજુ આશરે સાડા સાત ફુટ દબાણ કરી મકાનની દીવાલ કરી લીધેલ છે. વધુમાં વાદીની જગયા તથા વાદીના ભાઈ લાલજીભાઈ તથા વાદીના ભત્રીજા મનસુખભાઈ ત્રણેયના મકાન વાદીના પિતાશ્રી હરીભાઈ લાખાભાઈના નામની સનદના માપ કરતા વધુ આશરે સાડા સાત ફુટ બંનેએ દબાણ કરેલ છે જે અંગે તા.

૦૪/૦૯/૨૦૧૭ ના રોજ વાલાસણ ગામના સરપંચશ્રી એ તાલુકા વિકાસ અધીકારી ને કરેલ અરજીની નકલ જવાબ સાથે રજુ કરેલ છે તેમજ અમો પ્રતિવાદીઓએ વાદીની કાયદેસર આવવા જવાના રસ્તામાં કોઈપણ જાતનું દબાણ કરેલ નથી તેમજ વાદીએ શીડયુમાં જણાવેલ હકીકત પણ ખરી નથી. અને અમોએ વેચાણ લીધેલ મકાન અમોને વેચાણ આપનારે આપેલ કબજા મુજબનો જ કબજો આવેલ છે અને અમોએ વાદીના ઝાપા આગળ કોઈ પથ્થર કે ઈંટો મુકેલી નથી તેમજ વાદીએ તેમના મકાનથી પુર્વ બાજુ દબાણ કરી દક્ષિણ તરફ ગેરકાયદેસર ઝાપો મુકેલ હોય જેથી તેમને આવવા જવાના રસ્તામાં અડચણ થાયછે જેથી અમો  પ્રતિવાદીઓએ કોઈ રસ્તામાં દબાણ કરેલ નથી તેમજ આ કામના વાદી નિવુત તાલુકા વિકાસ અધિકારી હોય અને અમો મજુર માણસોને હેરાન કરવા હાલની ખોટી અરજી કરેલ હોય જેથી મનાઈ અરજી નામંજુર કરવા જવાબમાં જણાવેલ છે.

૪)  સદર કામે વાદી તરફે વિ.વ.શ્રી એ.કે.બગડાએ મોખીક દલીલ કરી રજુઆત કરેલ છે કે અમો વાદીની કબજા ભોગવટા અને માલિકીની રહેણાંક મકાનની જમીનમાં આ કામના પ્રતિવાદીઓએ વાદીના મકાનની દક્ષિણ તરફ આવેલા ઝાપાની બહાર જવાના પથ્થર, ઈંટો અને બીજી આડશ મુકી વાદીને આવવા જવાના રસ્તામાં અડચણ કરતા આવેલા હોય તેમજ અમો વાદીના ઉપરોકત જણાવેલ મકાનમાં આવવા જવા માટે દાવાવાળી જગ્યાની દક્ષિણ દીશા તરફ આવેલા ઝાપા બાજુની રસ્તાની જગયાનો ઉપયોગ કરવા અમો અધિકાર ધરાવીએ છીએ એટલે આ કામના પ્રતિવાદીઓને અમોને આ રસ્તે જતા આવતા રોકવાનો કોઈ અધિકાર નથી તેમજ દાવાવાળી જગયાની દક્ષિણ તરફની દીવાલ બાજુ પચ્ચિમ તરફના છેડેથી ગણતા પ્રથમ નાથા દેશાના મકાન આવેલ છે તયારબાદ વાદીની જગયાની દક્ષિણ દીવાલ બાજુએ જ  પ્રતિવાદીઓના મકાન આવેલ છે અને તેઓ રસ્તો બંધ કરી

દીધેલ હોય જેથી આમ વાદીનો કેસ પ્રથમદર્શનીય હોય માટે મનાઈ અરજી મંજુર કરવા દલીલ કરેલ છે.

૫) સદર કામે પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી એ.કે.વ્યાસે મોખીક દલીલ કરી જણાવે છે કે અમોએ કોઈ વાદીનો રસ્તો બંધ કરી દીધેલ નથી અને અમો મજુર માણસ છીએ અમોને હેરાન કરવા માટે વાદી નિવુત તાલુકા વિકાસ અધિકારી હોય અને છેલ્લા પાંચ વર્ષથી દાવો કરેલો છે તેમ છતાં મનાઈ અરજી ચલાવતા ન હોય અને દાવામાં ખોટી હકીકતો જણાવીને અમો પ્રતિવાદીઓને હેરાન કરવા માટે જ હાલનો દાવો કરેલ હોય જેથી હાલની મનાઈ અરજી ટકી શકે તેમ ન હોય તેમજ વાદીનો કેસ પ્રથમદર્શનીય ન હોય જેથી વાદીની મનાઈ અરજી રદ કરવા અરજ કરેલ છે.

૬) સદર કામે રજુ થયેલ તમામ હકીકત મનાઈ અરજી તથા દાવાના જવાબ ધ્યાનમાં લેતા અરજીનાં નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

મુદા ન.૧ શું વાદીનો કેસ પ્રથમદર્શનીય છે ?

મુદા નં.૨ શું સગવડતા અગવડતાનું સમતુલા વાદીની તરફેણમાં છે ?

મુદા નં.૩ શું વાદી માગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો નાણાથી ન ભરપાઈ થઈ શકે તેવુ નુકશાન જઈ શકે તેમ છે ?

મુદા નં.૪ શું હુકમ

ઉપરોકત મુદાનાં મારા નિર્ણય નીચે મુજબ છે.

મુદા નં.૧ નકારમાં

મુદા નં.૨ નકારમાં

મુદા નં.૩ નકારમાં

મુદા નં.૪ આખરી હુકમ મુજબ.

## કારણો

(૭) એ સર્વ માન્ય સિધ્ધાંત છે કે કામ ચલાઉ મનાઈ હુકમ એ સમન્યાયની દાદ છે, અને સમન્યાયની દાદ મેળવવા માંગતી વ્યકિતએ કોર્ટ રુબરુ ચોખા હાથે આવવુ જોઈએ તથા રેકર્ડ પરથી ત્રણ વસ્તુઓ તેમની તરફેણમાં સાબિત કરવાની રહે છે. આ ત્રણ વસ્તુઓમાં સર્વ પ્રથમ વાદીએ રેકર્ડ પરથી સીધ્ધ કરવાનુ રહે છે કે તેમનો પ્રથમ દર્શનીય કેસ છે. પરંતુ પ્રથમ દર્શનીય કેસ છે તેમ માત્ર સીધ્ધ કરવાથી વાદી આપો આપ કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા પાત્ર ઠરતા નથી. પરંતુ વાદીએ ત્યારબાદ એ હકીકત સંતોષકારક રીતે સીધ્ધ કરવાની રહે છે કે સગવડતાની તુલા વાદીની તરફેણમાં છે અને મનાઈ હુકમ આપવામાં ન આવે તો સામા પક્ષ કરતા વાદીને વધુ આર્થિક નુંકસાન જાય તેમ છે. આ ઉપરાંત કોર્ટે પક્ષકારોની વર્તણુક તથા ડીલે અને લેચીસ ની હકિકતો પણ ધ્યાને લેવાની રહે છે. વધુમાં કોર્ટે કામ ચલાઉ મનાઈ હુકમની અરજી નકિક કરતી વખતે એ હકિકતત પણ ધ્યાને લેવાની રહે છે કે કામ ચલાઉ મનાઈ હુકમની દાદનો મુખ્ય ઉદેશ પક્ષકારો વચ્ચેની તકરારનો નિકાલ ન થાય ત્યાં સુધી દાવાની વિષય વસ્તુની યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો છે એટલે કામ ચલાઉ મનાઈ હુકમની દાદના તબકકે આપવામાં આવતી દાદ, દાવાની આખરી દાદના સ્વરુપની ન હોવી જોઈએ, કારણ કે આખરી દાદ દાવાના અંતે આપી શકાય, અથવા ન પણ આપી શકાય, જયારે પક્ષકારો પોત

પોતાના હકકો અંગે લડતા હોય અને તેમણે પોતાના હકકો સ્થાપીત કર્યા ના હોય તેવા વચગાળાના તબકકે વચગાળાની દાદ સાથે દાવો મંજુર થઈ જતો હોય તેવી દાદ પણ આપી શકાય નહી. તેમજ મનાઈ હુકમની અરજી નકિક કરતી વખતે કોર્ટે એ પ્રશ્નનો પણ વિચાર કરવાનો રહે છે કે પ્રતિવાદીને કાયદાથી મળેલ અધિકારોમાં અંતરાય કરવુ એ ખુબુજ ગંભીર બાબત છે અને મનાઈ હુકમનો કોઈ નિર્ણય કરતા પહેલા અન્ય પક્ષકારોને થનાર નુંકસાન અને પડનારી હાલાકીનો પણ વિચાર કોર્ટે કરવાનો રહે છે. આ તમામ સંજોગોને ઘ્યાને લઈ મનાઈ હુકમ આપતી વખતે કોર્ટે તેની વિવેકાધિન સત્તાનો ઉપયોગ ન્યાયીક રીતે કરવાનો છે.

૮) સદર કામે તમામ હકીકત ઘ્યાને લેતા વાદી એ હકીકત સ્પષ્ટ જણાવે છે કે જામજોધપુર તાલુકાના વાલાસણ ગામે આવેલ વાદીની કબજા ભોગવટા અને માલિકીની રહેણાંક મકાનની જમીનમાં આ કામના પ્રતિવાદીઓએ વાદીના મકાનની દક્ષિણ તરફ આવેલા ઝાપાની બહાર જવાના પથ્થર, ઈંટો અને બીજી આડશ મુકી વાદીને આવવા જવાના રસ્તામાં અડચણ કરતા આવેલા હોય અને વાદીને મકાનમાં આવવા જવા માટે દાવાવાળી જગ્યાની દક્ષિણ દીશા તરફ આવેલા ઝાપા બાજુની રસ્તાની જગયાનો ઉપયોગ કરવા વાદી અધિકાર ધરાવતા હોય તેમ છતાં આ કામના પ્રતિવાદીઓને આ રસ્તે જતા આવતા રોકવાનો કોઈ અધિકાર ન હોય તેમજ વાદીની જગયાની દક્ષિણ બાજુની દીવાલમાં આવેલ ઝાપા બાદ રાવડી જગયા આવેલી છે અને આ કામના પ્રતિવાદી નં.૧ અને ૨ના પતિ–પત્ની થાયછે અને તેઓએ લખમણ ભીખા મકવાણા પાસેથી વાલાસણ ગામે આવેલ રહેણાંક મકાન કુલ ૩૩–૪૫ ચો.મી સને ૨૦૧૯ માં વેચાણ લીધેલ છે તે વેચાણ દસ્તાવેજ વાળી જગયા સીવાયની જમીનમાં કોઈ માલિકી અધિકાર પ્રતિવાદીઓને રહેતો નથી તેમ છતાં પ્રતિવાદીઓ વાદીના ઝાપા પાસે પથ્થર, ઈંટો વિગેરે મુકી રાખેછે અને પ્રતિવાદીઓએ હાલના રહેણાંક મકાનમાં તેઓની માલિકીની

જગયાની પુર્વ બાજુએ તેઓની માલિકીની જગયા ઉપરાંત લગભગ સાત ફુટ આગળ સુધી બાંધકામ કરી દીધેલ છે જેથી પ્રતિવાદીઓના મકાનનું બાંધકામ અમો વાદીની જગયાના ઝાપા સુધી આવી ગયેલ છે અને વાદીના ઝાપાને બંધ કરાવી વધુ દબાણ કરવા માંગતા હોવાનું જણાવેલ છે. વધુમાં વાદીએ રજુ કરેલ દસ્તાવેજી જોવામાં આવેતો માર્ક ૪/૧ માં વાદીની જગયાની સનદની જેરોક્ષ કોપી રજુ કરેલ છે તથા માર્ક ૪/૨ માં પતીવાદી નં.૧ ના દસ્તાવેજની જેરોક્ષ રજુ કરેલ છે તથા માર્ક ૪/૩ માં વાદીએ પોલીસને કરેલ અરજી તથા માર્ક ૪/૪ માં તાલુકા પંચાયતનો પત્ર તથા માર્ક ૪/૫ માં તાલુકા પંચાયતનો પત્ર તથા માર્ક ૪/૬ માં તાલુકા પંચાયતનો પત્ર તથા માર્ક ૪/૭ માં વાદીની અરજી તથા માર્ક ૪/૮ માં વાદીના મકાનના ઝાપાના ફોટો રજુ કરેલ છે.

સદર કામે પ્રતિવાદી નં.૧ અને ૨ તર્ફે આંક–૧૪ થી મનાઈ અરજીનો જવાબ રજુ કરેલ છે અને આંક–૧૫ થી દસતાવેજી પુરાવા લીસ્ટ રજુ કરેલ છે જેમાં માર્ક ૧ ૫/૧ થી વાદીના ભત્રીજા વિરૂધ્ધ સરપંચશ્રીએ તાલુકા વિકાસ અધિકારીને આપેલ અરજીની નકલ તા.૦૪/૦૯/૨૦૧૭ ની રજુ કરેલી છે તથા માર્ક ૧૫/૨ થી પંચો રૂબરૂ કરેલ રોજકામની ખરી નકલ તા. ૦૧/૦૬/૨૦૧૮ ની રજુ કરેલ છે અને પ્રતિવાદી નં.૩ ને દાવાના કામે જરૂરી પક્ષકાર તરીકે જોડવામાં આવેલ છે તેઓ તર્ફે જવાબ રજુ કરવામાં આવેલ નથી.

સદર કામે વાદી દવારા રજુ થયેલ માર્ક ૪/૧ થી માર્ક ૪/૮ સુધીના દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા તેમાં વાદીએ વાલાસણ ગામે તેમના પિતાના નામે આવેલ પ્લોટના સનદની નકલ રજુ કરેલ છે તથા માર્ક ૪/૨ થી પ્રતિવાદી નં. ૧ અને ૨ નાએ લખમણભાઈ ભીખાભાઈ મકવાણા પાસેથી ખરીદ કરેલ મિલકતનો વેચાણ દસતાવેજની નકલ રજુ કરેલ છે તથા માર્ક ૪/૩ થી જામજોધપુર પો.સ્ટે.માં તા.૨૭/૦૫/૨૦૧૯ ના રોજ રસ્તો બંધ કરવા અંગે વાદીએ કરેલ અરજીની નકલ રજુ કરેલ છે તથા માર્ક ૪/૪ થી તાલુકા પંચાયત કચેરી જામજોધપુર તરફથી તા.

૦૭/૦૬/ ૨૦૧૮ ના રોજ વાલાસણ ગામમાં ગેરકાયદેસર દબાણ તથા વંડી દુર કરી દબાણ ખુલ્લુ કરવા બાબત અંગે લખમણભાઈ ભીખાભાઈ મકવાણાને પત્ર લખેલ છે અને તેમાં કુરજીભાઈ હરીભાઈ મકવાણાના પ્લોટની પુર્વ દીશાએ હરીજન સમાજ તરફ જતા રસ્તા ઉપર મનસુખભાઈ લાલજીભાઈ મકવાણા એ અનધિકુત પથ્થરો નાખી દબાણ કરેલ હોય જે અવરોધરૂપ હોય, ગામ પંચાયત વાલાસણ દવારા તા. ૦૬/૦૬/૨૦૧૮ ના રોજ રસ્તા ઉપરનું દબાણ ખુલ્લુ કરવા અંગેની નોટીસ આપેલ છે જેમાં તાલુકા પંચાયત કચેરી તરફથી પત્રમાં લખાયેલ છે કે ગેરકાયદેસર બાંધકામ થયાનું હાલ માલુમ પડતુ નથી તેમ લખાયેલ છે તથા માર્ક ૪/૫ થી તાલુકા પંચાયત કચેરી જામજોધપુર તરફથી તા.૧૦/૦૬/૨૦૧૯ ના રોજ વાલાસણ ગામ પંચાયતના સરપંચને રસ્તો ખુલ્લો કરવા બાબતે નિયમસર પગલા ભરવાનું લખાયેલ છે તથા માર્ક ૪/૬ થી તાલુકા પંચાયત કચેરી જામજોધપુર તરફથી તા.૨૨/૦૫/૨૦૧૯ ના રોજ વાલાસણ ગામ પંચાયતના સરપંચને રસ્તો ખુલ્લો કરવા બાબતે નિયમસર પગલા ભરવાનું લખાયેલ છે તથા માર્ક ૪/૭ થી તાલુકા વિકાસ અધિકારી જામજોધપુરને તા.૦૬/૦૬/૨૦૧૯ ના રોજ વાલાસણ ગામે રહેણાંકમાં જવા માટે રસ્તો ખુલ્લો કરવા પત્ર લખેલ હોવાનું જણાય આવેછે, વધુમાં વાદી હાલના દાવામાં તથા મનાઈ અરજીમાં પ્રતિવાદી નં. ૧ અને ૨ દવારા રહેણાંક મકાનના ઝાપાની આગળ પથ્થર તથા ઈંટો નાંખીને અડચણ કરતા હોવાની તકરાર લઈને આવેલા છે જે અંગે વાદીએ દાવાવાળી જગયાની સ્થળસ્થિતી શુ છે તે અંગે કોર્ટ કમિશનર મારફતે પંચનામું કરાવેલ ન હોય કે ગામ પંચાયતનો નકશો પણ આ કામે રજુ કરેલ ન હોય કે તલાટી રૂબરૂ કોઈ પંચ રોજકામ કરાવીને આ કામે રજુ કરેલ ન હોય તેવા સંજોગોમાં હાલના તબ્બકે પુરાવો લીધા વગર રસ્તામાં અડચણ કરેછે કે કેમ, તે નકકી થઈ શકે તેમ નથી. વધુમાં આંક-૫ એટલ ે કે કામચલાઉ મનાઈહુકમ અરજીના નિર્ણય કરતી વખતે આંક-૫ માટે હાલના તબ્બકે વાદીનો કેસ ઉપરોકત ચર્ચા મુજબ પ્રથમદર્શનિય જણાતો ન હોય તેમજ

સગવડની સમતુલા પણ વાદી તર્ફે જણાતી ન હોય તેવા સંજોગોમાં મનાઈહુકમ ન આપવામાં આવે તો વાદીને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થતુ હોવાનું જણાતુ ન હોય જેથી ઉપરોકત તમામ વિસ્તુત ચર્ચાને અંતે મુદા નં. ૧ થી ૩ નો નિર્ણય નકારમાં આપવામાં આવેછે અને મુદા નં. ૪ પરત્વે નીચે મુજબનો હુકમ ન્યાયના હિતમાં કરવામાં આવેછે.

**<u>હુકમ</u>**

૧. વાદીની હાલની સીવીલ પ્રોસીઝર કોડ ઓર્ડર ૩૯ રુલ ૧,૨ તથા કલમ ૧૫૧ મુજબની આંક–૫ ની વચગાળાના મનાઈ હુકમની અરજી રદ કરવામાં આવે છે.

૨. આ અરજીનો ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

આજ તા.૦૩–૦૭–૨૦૨૪ ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૩–૦૭–૨૦૨૪
જામજોધપુર

(અશોક ગોકળભાઈ માલાણી)
પ્રિન્સીપાલ સિવિલ જજ
જામજોધપુર
(UIC NO.GJ01387)